પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૬૫ | ૧૬ મે, ૨૦૨૧, રવિવાર; વૈશાખ સુદ - ૪ | પાનાં - ૬ કિંમત રૂ. ૨.૦૦

દેશમાં ૧૮ કરોડથી વધુનું વેક્સિનેશન

૯૬૨૭૧૯૯ સ્વાસ્થ્યકર્મીઓને રસીનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો છે તથા ૬૬૨૧૬૭૫ લાખ સ્વાસ્થ્ય કર્મીઓને બીજો ડોઝ આપવામાં આવ્યો



નવી દિલ્હી,તા.૧૫ કેંદ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે કહ્યું કે દેશમાં અત્યાર સુધી કોવિડ રસીનો ડોઝ ૧૮ કરોડથી વધુ લોકોને આપવામાં આવ્યો છે. દેશમાં કોવિડની આપવાની કુલ સંખ્યા ૧૮,૦૪,૨૯,૨૬૧ છે. કોવિડ-૧૯ રસીકરણ અભિયાને સફળતાપૂર્વક ૧૧૮ દિવસ પૂરા કર્યા છે અને તમામ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો સાથે સહયોગપૂર્ણ પ્રયાસોથી કુલ ૧૮ કરોડ લાભાર્થીઓને રસી આપવામાં આવી છે. રસીકરણના ૧૮ કરોડના સીમાચિહ્નરૂપ આંકડા સુધી ભારત સૌથી ઝડપથી એટલે કે ૧૧૪ દિવસમાં પહોંચી ગયું છે. યુએસએને આટલી સંખ્યામાં રસીના ડોઝ આપવામાં ૧૧૫ દિવસ જ્યારે ચીનને ૧૧૯ દિવસ લાગ્યા હતા. અત્યાર સુધીમાં ૧૮,૦૪,૨૯,૨૬૧ આપવામાં આવેલા કોવિડ રસીના ડોઝમાંથી ૯૬,૨૭,૧૯૯ સ્વાસ્થ્યકર્મીઓને રસીનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો છે તથા ૬૬,૨૧,૬૭૫ લાખ સ્વાસ્થ્ય કર્મીઓને બીજો ડોઝ આપવામાં આવ્યો છે. ફ્રન્ટ વોરિયર્સ ૧,૪૩,૬૩,૭૫૪ કર્મચારીઓને પ્રથમ ડોઝ તથા ૮૧,૪૮,૭૫૭ લાખ કર્મચારીઓને બીજો ડોઝ મળી ચૂક્યો છે. મંત્રાલયે કહ્યું કે ૧૮-૪૪ વર્ષના કુલ ૪૨,૫૫,૩૬૨ લોકોને રસીનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો છે. કોવિડ-૧૯ રસીકરણની ઉદારીકૃત અને પ્રવેગિત તબક્કા-૩ની વ્યૂહનીતિનો અમલ ૧ મે ૨૦૨૧ના રોજથી શરૂ કરવામાં આવ્યો છે.

વાવાઝોડું તૌકતે વિનાશક ચક્રવાતી તોફાનમાં ફેરવાય તેવી શક્યતા

૧૭મી મેએ ૧૫૦-૧૬૦ કિમીની ઝડપે પવન ફૂંકાશે : પવનની સ્પીડ વચ્ચે ૧૭૫ કિમી પ્રતિ કલાક સુધી પહોંચી શકે છે, પશ્ચિમ કાંઠાના રાજ્યોને હાલ એલર્ટ કરી દેવાયા

અમદાવાદ, તા. ૧૫

અરબી સમુદ્રમાં આકાર લઈ રહેલું વાવાઝોડું તૌકતે આગામી ૨૪ લાકમાં વધુ તીવ્ર બનીને ગંભીર અને વિનાશક ચક્રવાતી તોફાનમાં ફેરવાય તેવી શક્યતા સેવાઈ રહી છે. જેના કારણે દરિયાકાંઠાના વિસ્તારોમાં ૧૭મી મેના રોજ ૧૫૦-૧૬૦ કિમીની ઝડપે પવન ફૂંકાય તેવી ચેતવણી ઉચ્ચારવામાં આવી છે. ભારતીય હવામાન ખાતા (આઈએમડી)એ શુક્રવારે કહ્યું હતું કે અરબી સમુદ્રમાં બની રહેલું વાવાઝોડું ૧૭ મેના રોજ 'અત્યંત ભીષણ ચક્રવાતી તોફાન'માં ફેરવાશે અને એક દિવસ પછી એટલે કે, ૧૮મી મેના રોજ ગુજરાત દરિયાકાંઠે ત્રાટકે તેવી શક્યતા છે.

આઈએમડીના ચક્રવાત ચેતવણી વિભાગે જણાવ્યું હતું કે ૧૬-૧૯ મે વચ્ચે તે ૧૫૦-૧૬૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન સાથે ખૂબ જ તીવ્ર ચક્રવાત તોફાન'માં ફેરવાય તેવી સંભાવના છે. પવનની સ્પીડ વચ્ચે વચ્ચે ૧૭૫ કિમી પ્રતિ કલાક સુધી પહોંચી શકે છે. હવામાન વિભાગે પશ્ચિમ કાંઠાના રાજ્યોને એલર્ટ કરી દીધા છે. તેમાં કહેવામાં આવ્યું છે કે લક્ષદ્વીપમાં ૧૫ અને ૧૬ મેના રોજ કેટલાક સ્થળોએ ભારે વરસાદ પડશે. ૧૫ મેના રોજ કેટલાક સ્થળોએ ભારેથી ભારેથી અતિભારે વરસાદની સંભાવના છે અને કેટલાક સ્થળોએ ૧૬-૧૭ મે દરમિયાન ભારેથી અતિભારે ભારે વરસાદ પડી શકે છે.

વાવાઝોડાને કારણે ૧૬ મેથી ગુજરાતના વાતાવરણમાં પલટો આવશે અને ગુજરાતના વિવિધ વિસ્તારોમાં ગાજવીજ સાથે હળવો વરસાદ શરૂ થશે અને ૧૭મીથી દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના વિવિધ વિસ્તારમાં ભારે વરસાદ પડશે, જ્યારે ૧૮મીના રોજ અમદાવાદ સહિત ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં પણ ભારે વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે.

॥ શ્રધ્ધાંજલિ ॥

સ્વ. પ્રોફેસર એસ. બી. સુથાર

જન્મ તારીખ:- ૧૪-૧૨-૧૯૩૧ સ્વ. તારીખ:- ૧૩-૦૫-૨૦૨૧

દિલગીરી સહ જણાવવાનું કે અમારા પતિ/પિતા/દાદાશ્રી શામળદાસ બેચરદાસ સુથાર નું તા- ૧૩/૫/૨૦૨૧ ને ગુરુવાર ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. પ્રભુ સદ્ગતના દિવ્ય આત્માને ચિર શાંતિ આપે એવી પ્રભુને પ્રાર્થના.

॥ ટેલિફોનિક બેસણું ॥

નોંધ :- વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખી ને સદ્ગતનું બેસણું રાખવામા આવેલ નથી તેથી

ટેલિફોનિક બેસણું તા- ૧૬/૦૫/૨૦૨૧, રવિવાર સવારે ૮ થી ૧૧ વાગ્યા સુધી રાખેલ છે.

સમ્રાટ- 99040 35720, પાયલ- 9099861444, પ્રજ્ઞાબેન- +1(512) 797 7929

નર્મદાબેન શામળદાસ સુથાર (પત્ની)
સ્વ. અશોકકુમાર શામળદાસ ગજ્જર (પુત્ર)
પ્રજ્ઞાબેન અશોકકુમાર ગજ્જર (પુત્ર વધુ)
સમ્રાટ અશોકકુમાર ગજ્જર (પૌત્ર)
પાયલ સમ્રાટ ગજ્જર (પૌત્ર વધુ)
કિષ્ના કૌશલકુમાર સુથાર (પૌત્રી)
રાધેશ્વરી રાજેશકુમાર ઝીઝુવાડીયા (પુત્રી)
રૂપેશ્વરી જયેન્દ્રકુમાર ગજ્જર (પુત્રી)
સોનલ દિલીપકુમાર મેવાડા (પુત્રી)

નિવાસ સ્થાન :- 784- આદર્શ નગર, પીળો પટ્ટો, સેક્ટર-૨૪, ગાંધીનગર, ૩૮૨૦૨૪.

ભાવભીની શ્રદ્ધાંજલિ

સ્વ. જેઠાલાલ છગનલાલ પટેલ (જે.સી. પટેલ)

સ્વર્ગવાસ તા. ૧૩/૫/૨૦૨૧, ગુરૂવાર

પૂર્વ ચેરમેન - ધી ગાંધીનગર અર્બન કો.ઓપરેટીવ બેન્ક લી.

દેહનો વિલય થાય છે, પરંતુ આત્માનો વિલય થતો નથી.
અમારા હૃદયમાંથી તમારો વિલય થશે નહીં,
તમારો કુટુંબપ્રેમ, સ્નેહાળ અને મિલનસાર સ્વભાવ,
ધાર્મિક ભાવના અને નિઃસ્વાર્થ સેવાના મૂલ્યોનું સ્મરણ કરી
આપને હૃદયપૂર્વકની શ્રદ્ધાંજલિ અર્પીએ છીએ...

પ્રહલાદભાઈ એસ. પટેલ
મેનેજિંગ ડિરેક્ટર

કાલીદાસ વી. પટેલ
ચેરમેન

પ્રકાશભાઈ આર. પટેલ
વાઈસ ચેરમેન

ડીરેક્ટર્સ

ડાહ્યાભાઈ ટી. પટેલ
બીપીનભાઈ વી. પટેલ
ચંદુભાઈ એચ. પટેલ
અશોકકુમાર સી. પટેલ
નટવરલાલ આર. પટેલ
પ્રહલાદભાઈ આઈ. પટેલ
ગણેશભાઈ એસ. પટેલ
ડાહ્યાભાઈ એસ. પરમાર
ભાવનાબેન બી. પટેલ
ઉર્વીબેન પી. પટેલ
ગિરીશચંદ્ર ટી. જાટકિયા
મનોજભાઈ એચ. લેકિનવાલા

ગોવિંદભાઈ એમ. પટેલ - જનરલ મેનેજર
તથા સમસ્ત કર્મચારી ગણ

સ્નેહભરી સ્મરણાંજલિ

જન્મ તારીખ
૨૧-૮-૧૯૫૨

અરિહંતશરણ તારીખ
૧૨-૫-૨૦૨૧

મધુસુદન શાંતિલાલ વોરા

તત્કાલીન પૂર્વ પ્રમુખ - જૈન સોશ્યિલ ગ્રૂપ, ગાંધીનગર
વાઈસ ચેરમેન - ગુજરાત રિજીયન, જૈન સોશ્યિલ ગ્રુપ, ઈન્ટરનેશનલ ફેડરેશન
સક્રિય સભ્ય - શ્રી સ્થાનકવાસી જૈન સંઘ, ગાંધીનગર

કુશળ વહીવટકર્તા, વ્યવહાર દક્ષ, ધર્મપ્રેમી, ઉત્સાહી, પરોપકારી, નિરાભિમાની, વ્યવસાયે કુશળ અને કાર્યક્ષમ ઈજનેર, દીર્ઘ દ્રષ્ટા એવી અનેક લાક્ષણિકતાઓથી સભર અમારા લાડીલા અને જોશીલા પૂર્વ પ્રમુખ શ્રી મધુસુદનભાઈ વોરા અચાનક અનંતની સફરે ચાલી નીકળ્યા જેથી અમો ઊંડા દુઃખ અને આઘાતની લાગણી અનુભવીએ છીએ...
તેઓએ છેલ્લા બે વર્ષના ગાળામાં, "Service Beyond Self"ના અભિગમ સાથે અનેકવિધ સામાજિક પ્રવૃત્તિઓ હાથ ધરી, તેમની કાર્યક્ષમતા પુરવાર કરી, લોકપ્રિય પ્રમુખ તરીકે પ્રસિદ્ધિ પામ્યા હતા.
શ્રી સ્થાનકવાસી જૈન સંઘમાં પણ તેઓનું વિવિધ પ્રવૃત્તિઓમાં મહત્વનું પ્રદાન રહેતું.
આપના મધુર સ્મરણો, સમાજના જરૂરિયાતમંદ પરિવારોને સહાયની ભાવના,
તમારા કાર્યોની સુવાસ સદાય JSGના શ્વાસમાં ધબકતી રહેશે.
આપનો શાશ્વત પવિત્ર આત્મા જ્યાં પણ હોય ત્યાં તેને જિન શાસનનું શરણું મળે અને
સર્વ કર્મોનો ક્ષય કરી, આપ ઉચ્ચ ગતિ પામો તેવી અંતઃકરણપૂર્વકની પ્રભુને પ્રાર્થના સહ...

કમલ કિશોરજી જૈન
આર. ડી. ગાંધી
ગિરિષભાઈ ઝાટકીયા
કેતનભાઈ દેવાણી
સુરેશભાઈ ચોરડીયા
અશોકભાઈ આંચલિયા
પુનમચંદ પી. લોઢા
અનિલભાઈ ગાંધી
ડો. દિપકભાઈ મહેતા
પારસભાઈ સંઘવી
મહાવીર એલ. ચોપડા
શિતાંગ એમ. વોરા
હેમંતભાઈ જે. દેસાઈ
કૌશિકભાઈ શાહ
હિતેશભાઈ કોઠારી
ભરતભાઈ કોટડીયા
હિતેન્દ્ર કે. શાહ
જાગૃતિબેન લાખાણી
વીણાબેન પી. વોરા
મનીષાબેન ટી. શાહ
છાયાબેન સ્નેહલ શાહ
રિતેશભાઈ શાહ
નીતિનભાઈ સંઘવી
નિલેશભાઈ શાહ
ધીરેનભાઈ વોરા
પ્રશાંતભાઈ મહેતા
અરવિંદ એન. શાહ
હેમેન્દ્રભાઈ શાહ
વિનોદભાઈ બી. શાહ
અનિલ જૈન
નિરજ પી. દોશી
રીતિન મોદી
હિતેશ પી. શાહ
રિષભ પી. દોશી
ભાવિના એમ. શાહ
નીતિકા અરવિંદભાઈ શાહ
જાગૃતિબેન સંઘવી
સોનલબેન કે. શાહ
મોનાબેન દેવાંગ શેઠ

તથા
જૈન સોશ્યિલ ગ્રુપ, ગાંધીનગરના સર્વે સભ્ય દંપતીઓ,
શ્રી સ્થાનકવાસી જૈન સંઘના તમામ સભ્યો અને
સંગીની ફોરમ, ગાંધીનગરની તમામ સંગીનીઓ.

ભાવભીની અંજલિ

સ્વ. હિરેન રાવલ

આપની અણધારી વિદાય
આઘાતનો આંચકો આપી ગઈ...
નાની વયે કેળવેલ કૌશલ્ય અને
હોંશ સ્મરણીય બની રહેશે.
સદ્ગતના આત્માને ચિરશાંતિ માટે પ્રાર્થના સહ...

લી.
ચેતન પટેલ
સિદ્ધરાજ ગ્રૂપ